# શિક્ષક દિનની ઉજવણી

બાગાયત મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ ધ્વારા તા. ૦૫/૦૯/૨૦૧૯ ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવેલ. ઉજવણીના ભાગરૂપે બાગાયત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ ધ્વારા રંગોળી બનાવવામાં આવેલ. આ મહાવિદ્યાલયના ૧૭ વિદ્યાર્થીઓ ધ્વારા જુદા જુદા વર્ગોમાં શિક્ષક તરીકે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની કામગીરી કરેલ. જેમાં પ્રથમ, તૃતીય અને પાંચમા સેમેસ્ટરોમાં સેમેસ્ટર દીઠ ૬ લેકચર નું આયોજન કરેલ. અત્રેની મહાવિદ્યાલયનાં સ્વામી વિવેકાનંદ હોલમાં સાંજના ૪.૦૦ કલાકે વકૃત્વ સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવેલ. વકૃત્વ સ્પર્ધામાં વિષય ડૉ. રાધાકૃષ્ણ સર્વપલ્લીનું જીવન ચરિત્ર અને વર્તમાન યુગમાં શિક્ષકની ભૂમિકા હતા. જેમાં ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં બાગાયત મહાવિદ્યાલયનાં વિદ્યાર્થીઓ તથા કર્મચારીગણ હાજર રહેલા હતા. વકૃત્વ સ્પર્ધાની શરૂઆત દિપ પ્રાગટય, સરસ્વતી વંદનાથી કરવામાં આવેલ. ડૉ. એ. એચ. બારડ, એસઆરસી ચેરમેન ધ્વારા શાબ્દિક સ્વાગત તથા કાર્યક્રમની રૂપરેખા આપવામાં આવેલ. બાગાયત મહાવિદ્યાલયના આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ ડૉ. એચ. સી. પટેલ ધ્વારા શિક્ષક દિનનું મહત્વ વિશે માર્ગદર્શન આપેલ તથા આર્શીવચન પાઠવેલ. કાર્યક્રમના અંતમાં ઈનામ વિતરણ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. ડી. ડી. પારેખ ધ્વારા કરવામાં આવેલ હતું.











